# આમોદ્રા ગ્રામપંચાયત દ્વારા સી.સી. રોડ અને પાણીની પાઈપ લાઈનના કામમાં ગેરરીતિની ફરિયાદ

ધનસુરા, તા. ૧૯

ધનસુરા તાલુકાના છેવાડાનુ અને મોડાસા તાલુકાને અડીને આવેલુ આમોદ્રા ગામમાં અરવલ્લી અને સાબરકાંઠા વિસ્તારના સંસદ સભ્ય દ્વારા ગામમાં આવેલ હરીજનવાસથી બિજલભાઈ ભરવાડ સુધી પાકો સીસીરોડ માટે ગ્રાન્ટ આપેલી હતી. જ્યારે આમોદ્રા ગામનું એક વિસ્તારમાં આમોદ્રા છાપરામાં લોકોને પીવાના પાણીની મુશ્કેલી પડતી હતી. તે પણ સંસદસભ્યની ગ્રાન્ટમાંથી આમોદ્રા છાપરા સુધી ૪૦૦ મીટરની પાઈપ લાઈન મંજૂર કરી હતી. તેમાંથી ૧૯૮ મીટરનું કામકાજ કર્યુ હતુ. ત્યારે આ બંને કામો ગામના સરપંચ દ્વારા તાલુકા પંચાયતના અધિકારીઓ દ્વારા લોકેશન મુજબ કર્યા નથી જયારે ગામ લોકો ડે. સારપાંચનો જણાવ્યા મુજબ સરપંચ અને જે તે તાલુકા પંચાયતના અધિકારીઓ દ્વારા આમોદ્રા ગામમાં આંગણે જે કામો થયા હતા તે બતાવી દઈને લાખો રૂપિયાની ઉચાપત કરી છે. જ્યારે ગામ લોકોનું કહેવુ છે કે સરપંચ અને અધિકારી સામે ન્યાયીક તપાસ થાય તો લાખોના કૌભાંડનો પર્દાફાશ થાય તેમ છે.

જો સરપંચ અને વહીવટીદારોનો કૌભાડનો પર્દાફાશ કરવો હોય તો અરવલ્લી કલેક્ટર તથા ડી.ડી.ઓ. દ્વારા આમોદ્રા ગ્રુપ પંચાયતનો રોજમેળ તથા ખાતાવહી, વાઉચર ફાઈલ તથા ઠરાવબુક જપ્ત કરી અને ન્યાયીક તપાસ કરે અનો આ ઉચાપત કરેલ નાણાં સરપંચ અને અધિકારીઓ જોડે દંડ સહીત વસુલ કરે અને સરપંચ અને અધિકારીઓને કાયદાકીય કાર્યવાહી કરે તેવી લોક માંગણી છે.

**સંસદસભ્ય દ્વારા અપાતી ગ્રાન્ટોનો ઉપયોગ જે તે કામ માટે વાપરે છે કે નહી તથા તે કામોની ગુણવત્તા યોગ્ય છે કે નહી તેની સંસદ સભ્ય દ્વારા તપાસ કરી અને જો ગ્રાન્ટનો ઉપયોગ ના થયો હોય તો જે તે લાગતા વળગતા અધિકારીઓ ઉપર કાયદેસરની કાર્યવાહી થાય તેવું કલેક્ટર અને ડીડીઓને જણાવવું જોઈએ.**



**અરવલ્લી કલેક્ટર તથા જિલ્લા પંચાયતના ડીડીઓ દ્વારા દરેક શહેરો તથા ગામોમાં સરકાર દ્વારા અપાતી ગ્રાન્ટોનો ઉપયોગ થયો છે કે નહી તેની ગુણવત્તા બરોબર છે કે નહી તેની ન્યાયીક કમીટી રચીને જો કામો માટે ફળવાયેલી ગ્રાન્ટનો ઉપયોગ થયો ના હોય તથા ગુણવત્તામાં બરાબર ના હોય તો તેવા અધિકારીઓની અત્યાર સુધી થયેલા કામોની તપાસ કરી તેમના ઉપર કાયદેસરની કાર્યવાહી કરીને ભ્રષ્ટાચાર થતો અટકે તેવા પગલા લેવા જોઈએ.**





## ચિઠોડામાં વરસાદ દરમિયાન કુદરતી વીજળી ત્રાટકતાં પ્રજાજનો ભયભીત

સાબરકાંઠા જીલ્લાના વિજયનગર તાલુકાના ચિઠોડામાં ગત મધ્ય રાત્રે ૧ વાગ્યાના અરસામાં વીજળીના કડાકા-ભડાકા સાથે ધીમી ધારે ઝરમર-ઝરમર વરસાદ દરમ્યાન કુદરતી રીતે વીજળી ત્રાટકતાં પ્રજાજનો ભયભીત બન્યા હતા ત્યારે પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે. ચિઠોડા ગામના જાગૃત ગ્રામજનોના જણાવ્યા મુજબ વરસાદ દરમ્યાન મગનભાઈ દલાજી રેવડ, નિવૃત આર્મી કર્મચારીના ઘર ઉપર અને આજુ-બાજુના ઘરોમાં કુદરતી રીતે મધ્યરાત્રે ૧ વાગ્યાના અરસામાં વીજળી ત્રાટકતાં ઘરના સભ્યો ભર ઉંઘમાંથી એકા-એક ચોકી ઉઠ્યા હતા ત્યારે બુમરાણ કરી મુંકતા આજુ-બાજુના આડોશી-પાડોશી મધ્યરાત્રે એકત્રીત થઈ ગયા હતા પરંતુ કોઈ જાનહાની થઈ ન હતી. રેવડ પરીવારના ઘરના સભ્યોનો ચમત્કારીક રીતે બચાવ થયો હતો. ઘરનુ મીટર, વાયરીંગ બળીને ખાખ થઈ ગયું હતુ જ્યારે ઘર માલીકને કુદરતી વીજળી ત્રાટકતાં નુકશાન સહન કરવાનો વારો આવ્યો હતો. ઘરની દિવાલોમાં કુદરતી વીજળી ત્રાટકતાં બાકોરા પડી ગયા હતા. ચિઠોડા પંથકમાં પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો હતો.

## ભિલોડા આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો

ભિલોડા,તા.૧૯

ભિલોડા આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો.સેમેસ્ટર ૫ ની વિદ્યાર્થીનીઓ ધ્વારા ગુરૂવંદનાથી કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓને કુંમ-કુંમ તિલક કરી ગોળ ધાણા ખવડાવી મોં મીઠું કરી અધ્યાપકોએ સ્વાગત કર્યુ હતું. રુકૈયા વાય. મનસુરી સેમેસ્ટર-૫, શકુન્તલા ડી.બરંડા સેમેસ્ટર-૫, પુર્ણિમા ડી.પ્રજાપતી સેમેસ્ટર-૧, દામીની જી.મોથલીયા સેમેસ્ટર-૫, ચંદ્રકાન્ત ડી.ભગોરા સેમેસ્ટર-૫ વિગેરે વિદ્યાર્થીઓએ વકતવ્ય, ભજન રજુ કરતાં વાતારવણને મંત્રમુગ્ધ બની ગયું હતું. આભારવિધિ ડૉ. શૈલેષભાઈ પટેલએ કરી હતી. કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ. ભાવનાબેન સોનીએ કર્યું હતું.



## ખેડબ્રહ્મા તાલુકા સેવાસદનમાં ગંદકી

સાબરકાંઠાના ખેડબ્રહ્મા તાલુકામાં આવેલ તાલુકા સેવાસદન હમણા થોડા સમય પહેલા જ ગુજરાત રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યુ હતુ. ત્યારે સરકારી ઈમારત તરીકે ખેડબ્રહ્મા શહેરમાં સૌપ્રથમ આ સુવિધાવાળુ સરકારી કચેરી સૌ પ્રથમવાર શહેરમાં બનેલી હતી. લોકોએ ઉત્સાહભેર તેનો આનંદ ઉઠાવ્યો હતો. પણ સમય જતા તે જ બિલ્ડીંગ આજે જ્યારે અંદર પ્રવેશ કરતાની સાથે જ નાક દબાવીને ચાલવુ પડે તેટલી દુર્ગંધ મારે છે. લીફટની બાજુમાં બારી હોય કે ગેલેરી તેની દિવાલનો કલર બદલાઈને લાલ થઈ ગયેલ છે. થુંકદાની કરતા દિવાલ પર પીચકારી જોવા મળે છે.

## મહેસાણા જિલ્લામાં ૨૭ જુલાઈથી નર્મદા મહોત્સવની શરૂઆત

નમો નર્મદા સુખી સર્વદા , નર્મદા મૈયા થકી મહેસાણા જિલ્લાનો અવિતર વિકાસ થયો છે. મા નર્મદાની આ વિકાસ ગાથાને લોકો સમક્ષ રજુ કરવા માટે ૨૭ જુલાઈથી ૫ ઓગષ્ટ દરમિયાન નર્મદ રથનું આયોજન કરાયું છે. મહેસાણા જિલ્લામાં નર્મદા રથ કડી, જોટાણા, વિજાપુર અને બેચરાજી તાલુકાના તમામ ગામોમાં પરિભ્રમણ કરનાર છે. આ ગામોમાં સિંચાઈ અથવા પીવાના પાણીથી સીધો ફાયદો નર્મદા અને સુઝલામ સુફલામ થકી મળ્યો છે. આ ઉપરાંત ઉંઝામાં ૭, વિસનગરમાં ૧૨, ખેરાલુંમાં ૧૨ અને વડનગરમાં ૫ ગામોમાં નર્મદા રથયાત્રાનું આયોજન કરાયું છે. આ ઉપરાંત ૮ ઓગષ્ટથી ૧૦ ઓગષ્ટ દરમિયાન કરણનગર ખાતે જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજાનાર છે.

## મહેસાણા જિલ્લામાં ૨૩ જુલાઈએ નવીન ન્યાય મંદિરના મકાનનું લોકાર્પણ કરાશે

મહેસાણા, ૧૯

મહેસાણા જિલ્લા કલેકટર આલોક કુમારના અધ્યક્ષસ્થાને ૨૩ જુલાઈ ૨૦૧૭ને રવિવારના રોજ સવારે ૧૦ કલાકે નવીન ન્યાયમંદિરના મકાનનું લોકાર્પણ થનાર છે. આ કાર્યક્રમની તૈયારી સંદર્ભે જિલ્લા કલેકટર આલોક કુમારના અધ્યક્ષ સ્થાને સમીક્ષા બેઠક યોજાઈ હતી.

જિલ્લા કલેકટર આલોક કુમારે જણાવ્યું હતુ ૨૩ જુલાઈએ જિલ્લા અદાલતના નવીન મકાનનું લોકાર્પણમાં રાજ્યના મુખ્ય ન્યાયમુર્તિ આર. સુભાષ રેડ્ડી ઉપસ્થિત રહેનાર છે. આ ઉપરાંત આ કાર્યક્રમમાં અન્ય મહાનુંભાવોમાં નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ, હાઈકોર્ટના ન્યાયમુર્તિ એમ.આર. શાહ, ન્યાયમુર્તિ અભિલાષા કુમારી, ન્યાયમુર્તિ એસ.જી. શાહ, કાયદા મંત્રી પ્રદિપસિંહ જાડેજા ઉપસ્થિત રહેનાર છે. જિલ્લા ન્યાય અદાલતનું નવીન સાત માળનું મકાનનું લોકાર્પણ થનાર છે. કાર્યક્રમમાં વૃક્ષારોપણ, સાંસ્કૃતિક કાર્યક્મો યોજાનાર છે.

જિલ્લામાં હાઈકોર્ટના મુખ્ય ન્યાયમુર્તિ ઉપસ્થિત રહેવાના હોવાથી જિલ્લા કલેકટરે પ્રોટોકોલ સહિત વિવિધ તૈયારીઓની સમીક્ષા કરી જરૂરી સુચનો કર્યા હતા. બેઠકમાં અધિક ન્યાયમુર્તિ પી.એસ. કાલા, જિલ્લા વિકાસ અધિકારી જે.બી. પટેલ, જિલ્લા પોલીસ અધિક્ષક ચૈતન્ય મંડલિક, નિવાસી અધિક કલેકટર રમેશ મેરજા સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. અદાલતના અધિકારીઓ દ્વારા કાર્યક્રમની તૈયારીઓ થઈ રહી છે.

# ધાનેરા વિપ્ર યુવક હુમલા કેસના આરોપીઓને ૪૮ કલાકમાં ઝડપી લેવા ઉગ્ર માંગ

### આરોપીઓની ધરપકડ સાથે ૩૦૭ કલમ દાખલ નહીં થાય તો ઉગ્ર આંદોલનની ચીમકી

ધાનેરામાં વિપ્ર યુવક પર એક તબીબ સહિતના લોકોએ કરેલા જીવલેણ હુમલાના બ્રહ્મ સમાજમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. એકબાજુ હુમલાનો ભોગ બનેલો વિપ્ર યુવક જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાઈ રહ્યો છે. ત્યારે બીજી બાજુ મોડેથી ફરિયાદ નોંધી આરોપીઓને પુરાવાનો નાશ કરવાનો સમય આપનારી ધાનેરાની જાંબાઝ પોલીસ આરોપીઓને ઝડપી શકી નથી. ત્યારે આજે પાલનપુર ખાતે યુવા બ્રહ્મ સેનાએ જિલ્લા પોલિસ વડાને આવેદનપત્ર પાઠવી ૪૮ કલાકમાં આરોપીઓને ઝડપી લેવાની માંગ કરી ન્યાયની ગુહાર લગાવી હતી.

ધાનેરાના ભાવેશ જોશી નામના વિપ્ર યુવક પર તબીબ ડૉ.મંગલ સહિતના આરોપીઓએ જાનલેવા હુમલો કર્યો હતો. ખુબજ વિકૃત રીતે કરાયેલા હુમલામાં પીડિત યુવક અમદાવાદ ખાતે જીવન મરણ વચ્ચેનો જંગ ખેલી રહ્યો છે. આમ છતાં ફરિયાદ થયાના ૧૦ દિવસ વીતવા છતાં આરોપીઓ ઝડપાયા નથી. વળી, જીવલેણ હુમલામાં તબીબી અભિપ્રાય હોવા છતાં પોલિસ દ્વારા કલમ-૩૦૭ દાખલ કરવામાં આવતી નથી. આ કેસમાં પોલીસની શંકાસ્પદ ભૂમિકા સામે સમગ્ર બ્રહ્મ સમાજમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે.

દરમિયાન, આજે યુવા બ્રહ્મ સેનાએ ધ્રુજારો કરતા આજે જિલ્લા પોલીસવડાની કચેરીએ આવેદનપત્ર પાઠવ્યું હતું. જેમાં આરોપીઓની આગામી ૪૮ કલાકમાં ધરપકડ કરવાની સાથે ૩૦૭ની કલમ ઉમેરવાની માંગ કરાઈ હતી. જો ૪૮ કલાકમાં માંગણી નહીં સંતોષાય તો બ્રહ્મ સમાજ દ્વારા જલદ આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારવામા આવી હતી. આમ, ધાનેરાના વિપ્ર યુવક પરના હુમલાને પગલે બ્રહ્મ સમાજમાં ભારે આક્રોશની લાગણી પ્રવર્તી રહી છે. ત્યારે પરિસ્થિતિ વણસે તે પૂર્વે પ્રશાસન સત્વરે પગલાં ભરે તેવી માંગ ઉઠી છે.






## શામળાજીમાં સંસ્કાર ભારતી ગુજરાત પ્રાંત દ્વારા ગ્રીષ્મગીરી નટરાજ મહોત્સવ યોજાયો

સંસ્કાર ભારતી ગુજરાત પ્રાંત દ્વારા આર્ટસ કોલેજ, શામળાજીના દશ્ય ખંડમાં ગ્રીષ્મગીરી નટરાજ મહોત્સવની ઉજવણી કરાઈ હતી. આરએસએસના કૈલાસ ત્રિવેદીના અધ્યક્ષસ્થાને આયોજીત આ કાર્યક્રમનું ઉદ્ઘાટન મહેશ ઉપાધ્યાયે કરેલ હતુ. અનેક વિધ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં નાટ્યવિદ અરવીંદ પંડ્યા લીખીત અને પ્રિ. ડૉ. જિજ્ઞેશ સુથાર દિગ્દર્શીત, પાલ-દઢવાવ હત્યાકાંડ આધારીત એકાંકી, 'વીરભૂમિ' પ્રેક્ષકોના દિલ-દિમાગ પર છવાઈ ગયેલ હતુ. ડૉ. સંજય પટેલ જિગ્દર્શીત આદીવાસી નૃત્ય, શામળાજી આર્ટસ કોલેજ દ્વારા અદ્ભૂત રીતે રજૂ થયું હતું. વસીમ શેખ દ્વારા ગબેરાનંદના રજુ કરાઈ હતી. ડૉ. સ્મૃતીબેન વાઘેલા (વડોદરા) દ્વારા રજુ થયેલ શાસ્ત્રીય નૃત્ય નટરાજથી પણ લોકો પ્રભાવીત થયા હતા. કોલેજના પ્રિન્સીપાલ ડૉ. અજય પટેલ, મંત્રી દિલીપ કટારાએ સુંદર વ્યવસ્થા પુરી પાડી હતી.

## ધનસુરાનુ જનતાનગર ગંદકીનું દોઝખ બની ગયું

અરવલ્લી જિલ્લામાં મેઘરાજાએ ખમૈયા કર્યા બાદ વાતાવરણમાં ઠંડી, ગરમી અને અસહ્ય બાફના કારણે લોકોના સ્વાસ્થ્યને માઠી અસર થઈ રહી છે. વાયરલ ફીવરના કારણે દવાખાનામાં દર્દીઓનું પ્રમાણ વધવા લાગ્યું છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારમાં વરસાદ બંધ રહ્યા પછી કાદવ કિચડનું પ્રમાણ વધી જતા માખી મચ્છરનો ઉપદ્રવ વધી જતાં લોકોના સ્વાસ્થ્યને માઠી અસર થઈ રહી છે. ધનસુરાનું જનતાનગર જાણે ગંદકીનું દોઝખ બની ગયુ હોય તેમ રોડ ઉપર ફળિયામાં કાદવ કિચડમાં ચાલવુ મુશ્કેલ બની ગયું છે. માખી, મચ્છર અને ચૂડવેલથી લોકો ત્રસ્ત બની ગયા છે. સ્વાસ્થ્યને માઠી અસર થઈ રહી છે. ત્યારે આરોગ્યખાતુ આ વિસ્તારમાં તાત્કાલિક ડીડીટીનો છંટકાવ કરાવે તેમ જનતાનગરની જનતા ઈચ્છી રહી છે.

# મહેસાણા જિલ્લામાં ૩૦ લાખ રોપાઓનું વન મહોત્સવ પખવાડીયા દરમિયાન વાવેતર કરાશે

મહેસાણા, તા. ૧૯

મહેસાણા જિલ્લો રાજ્ય સરકારના ગ્રીન ગુજરાત ક્લીન ગુજરાતના લક્ષ્યાંક સાથે આગળ વધી રહ્યો છે. રાજ્યમાં ૬૮મા વનમહોત્સવની રાજ્યકક્ષાની ઉજવણી સાબરકાંઠાના પાલ દઢવાવ ખાતે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષસ્થાને કરાઈ હતી. રાજ્ય સરકાર દ્વારા રાજ્યના તમામ જિલ્લાઓમાં ૨૦ જુલાઈના રોજ જિલ્લાકક્ષાના વનમહોત્સવની ઉજવણી કરાઈ રહી છે. જે અંતર્ગત મહેસાણા જિલ્લામાં સાંકળચંદ પટેલ યુનિવર્સીટી વિસનગર ખાતે ૨૦ જુલાઈના રોજ સવારે ૧૦ કલાકે નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજાનાર છે.

વિસનગર ખાતે યોજાનાર ૬૮ મા વનમહોત્સવમાં નાયબ મુખ્યમંત્રી ઉપરાંત અન્ય મહાનુંભાવો ઉપસ્થિત રહેનાર છે. રાજ્યમાં વનમહોત્સવ દરમિયાન ૧૦ કરોડ રોપા વાવવાનો લક્ષ્યાંક રખાયો છે. જેમાં મહેસાણા જિલ્લામાં ૩૦ લાખ રોપા વાવવાનો લક્ષ્યાંક છે. આ રોપાઓમાંથી ૧૫ લાખ રોપાઓ લોકો, ખેડૂતો, શૈક્ષણિક સંસ્થાઓ,ઔધોગિક સંસ્થાઓ, પર્યાવરણ પ્રેમીઓ વાવેતર કરનાર છે.

રાજ્ય સરકાર દ્વારા દરેકને ૧૦,૨૦,૧૫૦, અને ૧૫,૨૫, ૨૦૦ની સાઈઝના રોપા વિનામુલ્યે આપવાનો ઠરાવ કરેલ છે. જે તાલુકાની નર્સરીઓમાંથી વિતરણ ચાલું છે. રાજ્યમાં હરીયાળી દષ્ટીએ મહેસાણા જિલ્લો મોખરાનું સ્થાન ધરાવે છે. જિલ્લાને વધુ હરિયાળો બનાવવા માટે વનમહોત્સવ દ્વારા પ્રયોસા શરૂ થઈ રહ્યા છે. જિલ્લા કક્ષાના વિસનગર ખાતેના વનમહોત્સવમાં ઉપસ્થિત રહેવા જિલ્લા કલેકટર આલોક કુમાર પાંડે અને નાયબ વનસંરક્ષક યોગેન્દ્ર વર્માએ આમંત્રણ પાઠવેલ છે.

## મહેસાણામાં જેસીઝ દ્વારા સન્માન તથા સ્મૃતિગ્રંથ વિમોચન સમારોહ યોજાશે

મહેસાણા, તા. ૧૯

રાજ્યના નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલની અધ્યક્ષતામાં મહેસાણા જેસીઝ ચેરીટેબલ ટ્રસ્ટ્ર દ્વારા રક્તદાતાઓ, રક્તદાન શિબિરના આયોજકો તેમજ ચક્ષુદાનની પ્રવૃતિમાં માનદ સેવા આપનાર દાક્તરોનું સન્માન કરવાનું આોયોજન છે. ૨૨ જુલાઈને શનિવારના રોજ સાંજે ૬ કલાકે અવસર પાર્ટી પ્લોટ ખાતે કાર્યક્રમ સન્માન કાર્યક્રમ યોજાનાર છે.

## ધનસુરામાં ગટરનું કામ વ્યવસ્થિત બનાવવા મંજુરી મળતા આનંદ

ધનસુરા નગરમાં અગાઉ ગટરયોજના માટે લાખ્ખો રૂપિયાની ગ્રાંટ મંજુર થયા બાદ આ ગટરયોજનાનું કામ તકલાદી થયાની ફરિયાદો કર્યા પછી જેતેસ્થિતિમાં કામ છોડી કોન્ટ્રાક્ટર ભાગી ગયા બાદ આજે આ ગટર યોજના શોભાના ગાંઠીયા સમાન બની ગઈ છે. ગામમાં એકપણ ગટરમાં વ્યવસ્થિત પાણી જતુ નથી. કનેક્શન જોડવામાં આવ્યા નથી. પાઈપો પણ નાખી ન હોવાનું જાણવા મળેલ છે. રીતસર સરકારની ગ્રાન્ટમાંથી ટેન્ડર પ્રમાણે કામ થયુંન હોવાનું લોકોનું માનવું છે. યુવા કોન્ટ્રાક્ટરના સહયોગથી ગટરયોજનાનુંપુનઃ જરૂરી મટીરીયલ્સ-મોટી પાઈપો સાથે વ્યવસ્થિત બનાવવા સરકારમાં રજુઆત બાદ મંજુરી મળી ગઈ હોવાનું જાણવા મળેલ છે.

## કે. એન. શાહ મોડાસા હાઈસ્કૂલમાં ઉત્તર ગુજરાત માધ્યમિક શાળા સંઘની વાર્ષિક સાધારણ સભા યોજાઈ

સાકરીયા, તા. ૧૯

અરવલ્લી જિલ્લાની મુખ્ય નગરી મોડાસાની કે.એન. શાહ, મોડાસા હાઈસ્કૂલ ખાતે ઉત્તર ગુજરાત માધ્યમિક શાળા સંઘની વાર્ષિક સાધારણ સભા યોજાઈ ગઈ.

જેમાં સમારોહના પ્રમુખપદે બીપીનભાઈ શાહ (પ્રમુખ, મોડાસા કેળવણી મંડળ), અરવિંદભાઈ પટેલ (પ્રમુખ ઉત્તર ગુજરાત માધ્યમિક શાળા સંઘ), મહેન્દ્રભાઈ પટેલ (ઉપપ્રમુખ ઉ.ગુ. મા.શા.સંઘ), મોડાસા કેળવણી મંડળના હોદ્દેદારો કનુભાઈ શાહ, પંકજભાઈ બુટાલા, દીરેનભાઈ પ્રજાપતિ, કીરીટભાઈ શાહ, નિવૃત્ત આચાર્યો, વાલીઓ, વિદ્યાર્થીઓ અને શિક્ષકગણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. મહામંત્રી દિનેશભાઈ પટેલે સંઘની પ્રવૃત્તિઓની રૂપરેખા જણાવી હતી.

શાળાસંઘમાં અવ્વલ નંબરે વિજેતા તેજસ્વી તારલાનું મોમેન્ટો, પ્રમાણપત્રથી સન્માન કરવામાં આવ્યું. નિવૃત્ત આચાર્યનું શાલ, શ્રીફળ વગેરેથી સન્માનવામાં આવ્યા,. શાળા સંઘના મંત્રી મનીષભાઈ જોશીએ (પ્રિન્સીપાલ મોડાસા હાઈસ્કૂલ) આગંતૂકોનું શાબ્દિક સ્વાગત કરી શાળાસંઘની પ્રવૃત્તિઓ વિશે ચિતાર આપ્યો હતો. સમારંભ પ્રમુખ બિપીનભાઈ શાહે સંઘની લાંબી મઝલયાત્રાને બિરદાવી શુભેચ્છા પાઠવી હતી. પ્રાર્થના તથા સ્વાગતગીત રજૂ કરનાર વિદ્યાર્થીઓને ૫૦૦ રૂપિયાનું પ્રોત્સાહન ઈનામ અપાયું હતું.

આભારદર્શન પરીક્ષામંત્રી નારાયણભાઈએ કર્યું હતું. સમગ્ર સમારોહનું સુંદર સંચાલન શિક્ષક કનુભાઈ આર. ખાંટ દ્વારા કરવામાં આવ્યું હતું. સમારંભને સફળ બનાવવા એમ.બી. પટેલ, પી.બી. પટેલ, એસ.આર. પટેલ, એન.એન. રાઠોડ, કે.બી. ચાવડા, કે.આર. ખાંટ, એ.જે. પ્રજાપતિ તથા સ્ટાફગણનો ફાળો અમૂલ્ય રહ્યો હતો.

## ધનસુરામાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

ધનસુરા, તા. ૧૯

અરવલ્લી જિલ્લાના ધનસુરા ખાતે સુપ્રસિદ્ધ સધી માતાના મંદિરે ૬૮મા વન મહોત્સવ નિમિત્તે ધનસુરા ગ્રામ પંચાયત અને સધી માતાના માઈ ભક્તોના સહયોગથી માતાજીના મંદિરે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયેલ. આ પ્રસંગે ધનસુરા ગ્રામ પંચાયતના સરપંચ યશવંતભાઈ પટેલ, વિશ્વકર્મા મંદિરના મહંત ઈશ્વરદાસજી મહંતના હસ્તે વૃક્ષારોપણ કરાવેલ, આ કાર્યક્રમમાં યુવા એડવોકેટ નિલેશ જોષી, નવિનભાઈ, હરેશ પંચાલ, ધર્મેન્દ્રભાઈ જોષી, પિન્ટુ પટેલ, અમૃતભાઈ પટેલ, સહિત વિશાળ સમુદાયમાં માઈભક્તો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ રેન્જ ફોરેસ્ટર વિ.આર. રાઠોડ અને રાઉન્ડ ફોરેસ્ટર ભરત રાવલના સહયોગથી સફળ બનાવ્યો હતો.